ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*આ દીપડો સચિવાલયનું લોહી ચાખી ગયો છે!*
*છોડતો ન કદી, વારસનો પગ રાખી ગયો છે!*
*નાખી ગયો છે લંગર, સત્તા-પદના સમુદ્રમાં -*
*ચૂંટાઈ ને કે બઢતીથી સત્તામાં ‘ખાખી’ થયો છે*
*(સચિવાલયમાં ‘દીપડા’નાં પગલાં)*

### હાઈકુ

*હવે આવશે!*
*વરુ ને વાઘ પણ !*
*લ્યો ! જોયા કરો !!*

*સાહેબો દિલ્હી !*
*લાવ્યા હિંસક પ્રાણી*
*એને બદલે ?!*

### ચિંતન

***અતીતાઽનનુસન્ધાનં ભવિષ્યદવિચારણમ્ ।***
***ઔદાસીન્યમપિ પ્રાપ્તે જીવન્મુક્તસ્ય લક્ષણમ્ ॥***

**ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલઓ છે.**

**વીતેલી ઘટનાઓનું અનુસંધાન ન કરવું, ભાવિનો પણ વિચાર ન કરવો અને પ્રાપ્ત પદાર્થોમાં પણ ઉદાસીન રહેવું, આ જીવન્મુક્તનું લક્ષણ છે.**

**આપણે વિતેલી ઘટનાઓ - બનાવોની અસર મનમાં રાખી દુઃખી થઈએ છીએ ભવિષ્યની ચિંતાઓનો વિચાર કરી માનસિક પીડાનો અનુભવ કરીએ છીએ.**

**જીવનમુક્ત વ્યક્તિએ ભૂતકાળ અને ભવિષ્યની ચિંતા કર્યા વિના વર્તમાનની ક્ષણમાં નિર્લેપ રહી જીવન જીવવું જોઈએ.**

### સુવિચાર

- મઠ્ઠીભર હી ચાહીયે તો સિકંદર હોજાઓ ઔર અગર પૂરી કાયનાત ચાહીયે, તો કબીર હો જાઓ - **સંત જ્ઞાનેશ્વર**
- અંદરથી ભાંગીને ટૂટી ગયેલાં માણસો જયારે ઓખુદને સમેટીને જિંદગીની જંગ લડવા ફરીથી ઊભા થાય છે, ત્યારે દુનિયાની કોઈ તાકાત એમને હરાવી શકતી નથી - **ફાધર વાર્ગીસ**
- માણસાઈનું એક પગથિયું ચડાતું નથી ને... માણસો માનતા રાખે છે ડુંગર ચડવાની - **અખંડ આનંદ**
- ઢંગથી સંબંધ સાચવો, ઢોંગ કરીને નહીં - **વજુ કોટક**
- ચોખા જો કંકુ ભેગા મળે તો કોઈના મસ્તક સુધી પહોંચી જાય, અને જો મગ ભેગા ભળો તો ખીંચડીમાં જ ખપી જાય ? - **એસ. ભટ્ટાચાર્ય**
- ‘સંબંધ’ એટલે સારા સમયમાં જળવાય, ખરાબ સમયમાં ઓળખાય - **સ્નેહલ પટેલ**
- આજનું ઔષધ : કાચા પપૈયાને પીસી તેની પેસ્ટ ફૅસ માસ્કની જેમ લગાડી ત્રીસ મીનીટ પછી ધોઈ નાખવાથી ચહેરાની ત્વચા કોમળ અને ઓઈલ ફ્રી થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

માણસ ઉત્કૃષ્ટ કામ કરે તો તેને કઈ બોલવાની જરૂર પડતી નથી. કોઈ લેખક સારી નવલકથા લખે, કે કોઈ તંત્રી નવું અખબાર કાઢે કે કોઈ દિગ્દર્શક સારી ફિલ્મ બનાવે. તેણે તે પ્રજા સામે મૂકી લોકોને જ નક્કી કરવા દેવું જોઈએ કે તેણે કેવું કામ કે સર્જન કર્યું છે. જયોર્જ પિબોડી એક અમેરિકન - બ્રિટીશ નાગરીક હતા. તેઓ બ્રિટન અને અમેરિકામ બંને દેશોમાં મોટા દાનવીર તરીકે પ્રખ્યાત હતા. જયોર્જ પિબોડી હયાત હતા તે વખતે તેમનું એક શિલ્પ લંડન સ્ટોક એક્ચેન્જ પાસે મૂકવામાં મૂકવાનો નિર્ણય લેવાયો. આ પૂતળું બનાવવા માટે વિલિયમ વેટમોર નામના શિલ્પીને બનાવવાનું કહેવામાં આવ્યું. આ પૂતળું બનાવવામાં વિલિયમને અઢાર મહીના લાગ્યા. એ પૂતળાના તૈયાર થયા પછી એ સવાલ ઊભો થયો કે આનું અનાવરણ કોની પાસે કરાવવું ? પ્રિન્સ ઓફ વેલ્સને પૂછતા એમણે જણાવ્યું કે હું અનાવરણ કરું એના કરતા પૂતળું બનાવનાર શિલ્પી વિલિયમ વેટમોરને જ બોલાવો. અનાવરણ સમારંભમાં મોટી સંખ્યામાં લોકો આવ્યા. વિલિયમ વેટમોરે અનાવરણ કર્યું પછી જયોર્જ પિબોડીએ વિલિયમને પ્રવચન આપવા આગ્રહ કર્યો. વિલિયમ સ્ટેજ પર આવ્યા. તેમણે હાથ હલાવી હાજર સૌનું અભિવાદન કર્યું અને કહ્યું, ‘તમે જયોર્જ પિબોડીનું આ પૂતળું જોઈ રહ્યા છો, બસ, એ જ મારું ઉદ્‌ઘાટન પ્રવચન છે.’ માત્ર આટલું બોલી તેઓ સ્ટેજ પરથી ઊતરી પોતાની જગ્યો બેસી ગયા. કેટલી અદ્‌ભૂત વાત ‘મારું કામ એ જ મારું પ્રવચન.’

# ચલક ચલાણું.... અને ઘેર ઘેર ધાણું

**તંત્રીસ્થાનેથી...**

ફરી એકવાર રાજ્યમાં ન થવાનું થયું છે. લોકરક્ષકની પરીક્ષાનું પેપર ફૂટી ગયું હોવાનું બહાર આવ્યું ને એ પરીક્ષા રદ કરવાની જાહેરાત કરવામાં આવી. આમ જુઓ તો કંઈ નવી વાત નહીં પણ હકીકતે એ જ શરમની વાત.

દૂર-સુદૂરના કેન્દ્રો પરથી પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવા પરીક્ષા કેન્દ્ર પર પહોંચી ગયા હોય ને એમને જાણ થાય કે પરીક્ષા રદ કરવામાં આવી છે ત્યારે જે ધક્કાની લાગણી થાય છે તે ઘરથી પરીક્ષા કેન્દ્ર સુધીની જ નહીં, પરંતુ દિલ સુધી પહોંચે છે.

બહુ મોટી ને ખરાબ અસરો પહોંચે છે એવી ઘટનાઓથી. એક તો પૂરતા પ્રમાણમાં રોજગારી નથી, માંડ થોડી જગ્યાઓ માટેની જાહેરખબર આવે કે લાખો ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવે છે, દિવસોના દિવસો સુધી બાકી બધાં જ કામ પડતાં મૂકીને પરીક્ષા માટે તૈયારી કરવામાં લાગી જાય છે એ આશાએ કે એમની મહેનત ફળશે. પરંતુ આખરે થાય છે શું? કાં પેપર ફૂટી જાય છે અને કાં ‘સૅટિંગ’ કરેલા ઉમેદવાર નિયત થઈ જાય છે.

પેપર ફૂટી ગયું છે, પરીક્ષા રદ કરવામાં આવે છે અને હવે પરીક્ષા ફરી લેવાશે... આવી જાહેરાત શું પૂરતી છે? એનાથી ઉમેદવારોમાં કેટલી માનસિક હતાશા આવે છે અને એનાં આડકતરાં પરિણામો શું હોય છે એનું કોઈને ભાન પણ છે ખરું?

હા, સરકારે જાહેરાત કરી દીધી છે કે ફરી પરીક્ષા લેવામાં આવશે ત્યારે ઉમેદવારોના ઘરથી પરીક્ષાકેન્દ્ર સુધી જવાનું બસભાડું સરકાર આપશે. પરંતુ શું આટલું કરીને સરકારની જવાબદારી પૂરી થઈ જાય છે ? ફરી પરીક્ષા વખતે ઉમેદવારોની માનસિક, શારીરિક, સામાજિક કે પછી કામની સ્થિતિ શું હશે ? આજે આવેલી હતાશામાંથી તેઓ બહાર આવ્યા હશે કે નહીં ? ફરી આ જ ઉત્સાહ કે તૈયારી સાથે પરીક્ષા આપશે કે નહીં ? અને સૌથી અગત્યનું, આજે જે ધક્કાની લાગણી તેમને થઈ છે કે પરીક્ષા આપવાને નામે પોલીસની લાઠીઓ ખાવી પડી છે એનું કોઈ વળતર છે સરકાર પાસે ? સરકાર આવા વળતરની ગણતરી કરી શકે એટલી સક્ષમ કે સંવેદનશીલ છે ખરી ?

અને સૌથી વધુ દુખની વાત એ છે કે આવું પહેલીવાર નથી થયું. કેટલીય વખત કેટલાય પ્રકારની પરીક્ષાઓ ટાણે આ જ થાય છે. કાં પેપર ફૂટી જાય છે અને કાં તો પરીક્ષા લેવાઈ જાય પછી કોઈ ને કોઈ કારણસર એના પરિણામ સામે સ્ટે મુકાઈ જાય છે. જેનું પરિણામ તો સરવાળે ઉમેદવારોને જ ભોગવવાનું આવે છે.

જ્યાં સુધી આવી બાબતોને હળવાશથી લેવામાં આવશે અને જવાબદારો સામે કડક પગલાં લેવામાં નહીં આવે ત્યાં સુધી આવી ઘટનાઓ ઘટતી જ રહેશે એમાં કોઈ શંકા નથી.

અલબત્ત, આ વખતની ઘટનામાં રોષ વધારે છે ને એની ગંભીરતા સરકારે સમજવી પડશે. નહીંતર આ ઘટના સરકાર માટે ગંભીર પરિણામો સર્જી શકે એટલી મોટી તો છે જ.

# અનુકુલિત કાયદાઓ કરવાની રાષ્ટ્રપતિને સત્તા



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ભારતના બંધારણની કલમ ૩૭૨ મુજબ ભારતના રાષ્ટ્રપતિને ૧૯૫૬ થી સંવિધાનની જોગવાઈઓ સાથે સુસંગત હેતુઓ માટે રાષ્ટ્રપતિ એવા કાયદામાં જરૂરી અથવા ઈષ્ટ હોય એવા અનુકુલનો અને સુધારા વધારા અથવા ચાલુ કાયદો રદ કરીને અથવા તેમાં સુધારો કરી શકશે અને તે હુકમમાં નિર્દેષ્ટ કરવામાં આવે તે તારીખથી એવી રીતે કરેલા અનુકુલનો અથવા સુધારા વધારાને આધીન રહીને તે કાયદો અસર કરતા થશે તેવી જોગવાઈ કરી શકશે અને એવા કોઈ અનુકુલનો અથવા સુધારા વધારા સામે કોઈ ન્યાયાલયમાં વાંધો ઉઠાવી શકશે નહિ પરંતુ કલમ ૩૭૨ (ક) જમ્મુ કાશ્મીર રાજયને લાગુ પડતી નથી. સંવિધાન અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૨૩ થી આ કલમ ઉમેરવામાં આવી છે.

રાષ્ટ્રપતિએ અનુકુલીત કરેલો અથવા તેમાં સુધારા વધારા કરીને કોઈ કાયદો રદ કરવામાં અથવા તેમાં સુધારો કરવાની કોઈ સત્તા ધરાવતા વિધાનમંડળને અથવા બીજા સત્તા ધરાવતા અધિકારીને ખંડ(૧) માના કોઈ પણ મંજુરીથી બાદ્ય આવે છે એમ ગણાશે નહિ આ જોગવાઈ સંવિધાનના ૭ મા સુધારા ધારો ૧૯૫૬ થી ઉમેરવામાં આવી છે. આ જોગવાઈઓ અનુસાર સાતમા સુધારાનો અમલ એટલે કે તારીખ : ૧/૭/૧૯૫૩ પહેલાના કોઈ પણ કાયદાનો સંવિધાનના સાતમાં સુધારાથી સુધારેલી જોગવાઈઓ અનુરૂપ બનાવવાની રાષ્ટ્રપતિનો સત્તા આપવામાં આવી છે.

બીજા શબ્દોમાં કહેએ તો રાષ્ટ્રપતિ સદર કાયદાઓમાં જરૂરી ફેરફારો સુધારો વધારો કરી શકે છે અનો આ સુધારા વધારા કે ફેરફારની સામે અદાલતનો હુકમત રહેશે નહિ તેમ આ જોગવાઈઓમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

બંધારણની કલમ ૩૭૩ માં કલમ ૨૨ ના ખંડે (૭) હેઠળ સંસદ જોગવાઈ કરે અથવા આ સંવિધાનના આરંભથી એક વર્ષની મુદત પુરી થાય બે માંથી જે વહેલું બને ત્યાં સુધી તે કલમના ખંડો (૪) અને (૭) માં સંસદ અંગેના કોઈ ઉલ્લેખને બદલે રાષ્ટ્રપતિ અંગેના ઉલ્લેખ હોય તે રીતે અને તે અંગેના પસંદ કરેલા કોઈ કાયદા અંગેના ઉલ્લેખને બદલે રાષ્ટ્રપતિએ કરેલા હુકમ અંગેના ઉલ્લેખ હોય તે રીતે સદરહુ કલમ અસર કરતા થશે. અમુક સંજોગોમાં નિવારક અટકાયત હેઠળની વ્યક્તિઓ અંગે હુકમ કરવાની રાષ્ટ્રપતિને સત્તા છે.

આ સંવિધાનના આરંભની તરપ પહેલા હોદ્દો ધરાવતા ફેડરલ ન્યાયાધિશો તેમણે અન્યથા પસંદ કરી ના હોય તો એવા આરંભે ઉચ્ચતમ ન્યાપાલના ન્યાયાધિશોના ન્યાયાધીશ અંગે કરેલી જોગવાઈ પ્રમાણે પગાર અને ભથ્થા અને રજા તથા પેન્શન અંગેના એવા હક્કો મેળવવાનો તેમને અધિકાર રહેશે જે બંધારણની કલમ ૩૭૪ મુજબ રહેશે, કલમ ૩૭૪ પણ જમ્મુ કાશ્મીરને લાગુ પડતી નથી.

આ સંવિધાનના આરંભે ફેડરલ ન્યાયાલયમાં નિકાલ બાકી રહેતા તમામ દિવાની કે ફોજદારી દાવા, કાર્યવાહી ઉચ્ચતમ ન્યાયાલયમાં આવેલા ગણાશે અનો ઉચ્ચતમ ન્યાયાલયનો તેની સુનવણી કરીને તેનો નિર્ણય કરવાની હકુમત રહેશે અને આ સંવિધાનના આરંભ પહેલા ફેડરલ ન્યાયાલયે આપેલા ફેંસલા અથવા કરેલા હુકમોને ઉચ્ચ ન્યાયાલયે તે આપ્યા અને કર્યા હોય તેવા જ પ્રભાવ અને અસર રહેશે.

ભારતના રાજય ક્ષેત્રની અંદર કોઈ ન્યાયાલયના ફેંસલા હુકમા અથવા હુકમ ઉપરની કે તેના અંગેની અપીલો અને અરજીનો નિકાલ કરવા માટે હિઝ મેજીસ્ટ્રી ઈન કાઉન્સીલની હુકમના અમલને કાયદાની અધિકૃત કર્યો હોય તેટલે અંશે તેને આ સંવિધાનનો આરંભ પછી તેવી કોઈ અપીલ અથવા અરજી ઉપર કરેલો હિઝ મેજીસ્ટ્રી ઈન કાઉન્સીલનો કોઈ હુકમ આ સંવિધાનથી ઉચ્ચતમ ન્યાયાલને અપાયેલી હુકમતનો અમલ કરવા એવા ન્યાયાલયે કરેલો હુકમ અથવા હુકમનામું હોય તેમ તમામ હેતુઓ માટે અસર કરતા રહેશે અને સંવિધાનનો કોઈપણ મજકુર હુકમ બીનકાયદેસર છે તેમ ગણાશે નહિ. ભારતીય બંધારણની કલમ ૩૭૨(ક) થી ૩૭૪ માં રાષ્ટ્રપતિનો અનુકુલીત કાયદાઓ કરવાની સત્તા આપવામાં આવી છે.

હવે જોવાનું રહે કે રામ મંદિર, સબરીમાલા કે અનામતના ચુકાદામાં રાષ્ટ્રપતિ પોતાની સત્તા વાપરે છે કે કેમ?

# સ્વસ્થ દેખાતા બાપનાં હીબકાં કેમેય શમતાં નહોતાં : ‘મારી લાડકડી...’

કન્યાવિદાય
સોડમાં લીધાં લાડકડી!
આંખ ભરી પીધાં લાડકડી!
હીબકાંને હૈયામાં રૂંધ્યાં
ને પારકાં કીધાં લાડકડી!

કયારામાં ઝપાટાભેર પાંગરી રહેલ તુલસીછોડની ઓળખાણ કલાપીએ આમ કહીને કરાવી છે : ‘પિતૃગૃહે જેમ વધે કુમારિકા.’ પિતૃકુલકયારામાં આવી પાંગરી રહેલી તુલસીછોડ સમી શુચિત્વભરી પ્રત્યેક કુમારીકાને એક દિવસ આખી ને આખી મૂળ-માટી સોતી બીજા કુટુંબકયારામાં રોપવાનો અવસર આવે છે. માંડવો બંધાય છે. ઢોલ-શરણાઈ વાગે છે. ગણેશપૂજન થાય છે. અંગે અંગે પીઠી ચડે છે. ચોરી ચીતરાય છે. મંગળફેરા ફરાય છે અને કોક પરદેશી પોપટડો આવીને બેનીબાને લઈ જાય છે!

ગૃહસ્થાશ્રમની આખી આયુષ્યયાત્રામાં કન્યાવિદાય જેવો કરુણમંગલ પ્રસંગ બીજો એક્કે નથી. જોશી મહારાજ પાસે લગ્નની તિથિ જોડવાવીને મુર્હૂત નક્કી થાય ત્યારથી ઘરને ખૂણે ખૂણે હવે પરણીને પારકી થનાર દીકરીના પગની જયાં જયાં પગલીઓ પડે છે ત્યાં ત્યાં જાણે કંકુની ઢગલીઓ થતી આવે છે. હવે લગ્ન આડે ફક્ત આટલા દિવસ રહ્યા છે... સાહેબીઓનાં વહાલ ને વિયોગ બેય ઘેરાં બનતાં આવે છે. મા અધરાતે - મધરાતે ઝબકીને દીકરીનું મોં જોઈ લે છે. દીકરીના શ્વાસે શ્વાસેથી જાણે સૂર ઊઠે છે : ‘અમે ચકલીઓના માળા, અમે કાલે ઊડી જઈશું.’

અડધી રાતે આમ ઊંઘતી દીકરીનું મોં જોઈને અને અડધી રાત દીકરી માટે કરકરિયાવરની તૈયારી કરવાના વિચારમાં પૂરી કરીને મા સવારે ઊઠે છે. માના ચહેરા પર ઉચાટ અને ઉમંગ બેય વરતાઈ આવે છે. પણ બાપે તો બધી વેદના ભીતરમાં ભંડારી દીધી છે. એ અસ્વસ્થ થાય તો આ અવસર ઊકલે શી રીતે ? દીકરીના લગ્નની ઝીણીમોટી તૈયારીઓની ગણતરી એના મગજમાં રમે છે.

ચૂનો-પાનેતર, કંકાવટી, માંચી-બાજોઠ, માયાપોટલી... એકે એક ખરીદાવા માંડ્યું; પણ હજી મૂળ મુદ્દો તો બાકી રહ્યો - દીકરી માટે દાગીના ! ચાલો દીકરી રતનપોળમાં, તમને ગમતો ઘાટ પસંદ કરી લો. સાથે સાડીસાલ્લાનું પણ પતાવી આવીએ. એક મોટી ટ્રંક અને એક નાની નાજુક ચામડાની બૅગ.... સરૈયાઓળમાંથી સેન્ટ-અત્તર... અરે, પણ ચાવીઓ માટે ચાંદીનો ઝૂડો તો રહી ગયો. ચાલો પાછાં રતનપોળમાં....



હવે તો ગણતર વરધો જ બાકી રહી. ઘરનું રંગરોગાન પુરું થયું. રસોડાનો સામાન, પૂજાપો, જાનનો ઉતારો બધું પાકું થઈ ગયું. છતાં દીકરીના બાપને થયું : લાવ એક આંટો વેવાઈને ત્યાં મારી આવું. જાનમાં કેટલા માણસો આવશે એ પાકું કરી આવું. બીજા વટવહેવારની વાતો પણ કરતો આવું. માંડવે વર આવે ને કંઈ વાંકું પડે તો વળી ફજેતી ! મનમાં આવા મણકાં મૂકતા દીકરીના બાપ વેવાઈને ત્યાં જઈ બધું પાકું કરી આવ્યા. ઘેર આવીને ગોરને બોલાવ્યો. નજીકનાં સગાંવહાલાં આવ્યાં અને કંકોતરીઓ લખાઈ. દીકરીએ એની બહેનપણીઓ અને મિત્રમંડળમાં વહેંચવા પોતાની પસંદગીની ખાસ કંકોતરી છપાવી. માએ આડોશપાડોશ પડોશણોને કરિયાવર જોવા બોલાવી. ગોળધાણા વહેંચાયા.

હવે તો લગ્ન આડે આડી રાત જ રહી. મંડપને છેલ્લો ઓપ અપાયો. લાઈટ ડેકોરેશન થઈ ગયું. આંગણામાં છત્રીવાટે ઊભેલી બોરસલીમાં નાની નાની લાઈટની આખી જાળ પથરાઈ ગઈ. જુવાન દીકરીના અંતરમાં અરમાનો જાણે એ બોરસલીનાં પાંદડે પાંદડે પ્રકાશી રહ્યાં ! ઢોલીડા આવ્યા. શરણાઈ ગુંજી ઊઠી. ચારે બાજુ આનંદમંગલ વરતાઈ રહ્યું. શૈશવમાં જે આંગણામાં દીકરી ખેલતી કૂદતી, ત્યાં ચૉરીની સજાવટ થઈ. લગ્નની આગલી રાથે વડીલ વર્ગ તો ઊંઘ્યો જ નહીં. યાદ કરી કરીને બધી તૈયારી થઈ. સવાર પડ્યું. લગ્નમંડપમાં ગાલીચા પથરાઈ ગયા. પાનબીડાં અને ગુલાબના થાળ શણોશગ ભરી ગયા. વરકન્યા માટે ખાસ બનાવડાવેલા મોટા હારના કરંડિયા આવી ગયા. વેણીને ગજરા પણ આવ્યા.

.... અને જાન આવી પહોંચી. સાસુએ વરરાજાનો પોંખ્યા. વરકન્યા માહ્યરામાં બેઠાં. ચાર આંખો મળી અને ઢળી. શરણાઈના મંગળ સૂર ગુંજી ઊઠ્યા. સૂરે સૂરે અંતરની લાગણીઓ અવળાસવળા આમળા લઈ રહી. ઢોલ ઢમકી રહ્યા. વરપક્ષની જાનડીઓ ઈડરિયો ગઢ જીત્યાના ગૌરવ સાથે ગીતો ગાઈ રહી. ગોર મહારાજે ‘વરકન્યા સાવધાન’ નો પોકાર કર્યો. હસ્તમેળાપ થયા અને સહેલીઓ દબાતે અવાજે ગાઈ રહી : ‘પરણ્યાં એટલે પારકાં બે’ની....



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

અને આખરે કન્યાને વળાવવાની વસમી ઘડી આવી પહોંચી. શરણાઈના સૂરના તડપન સાથે કન્યાની ઉરની ધડકન વધી રહી. પતિને અનુસરવું પ્રિય તો છે, પણ પિતૃગૃહની માયા કેમ છૂટતી નથી. ઘરની બારસાખે કંકુના થાપા મારતી વખતે તો અંતરની ધ્રુજારી જાણે આંગળીઓનાં ટેરવાને આવીને વસી. કંકુનો થાળ ધ્રૂજવા લાગ્યો. ઘર ધ્રૂજવા લાગ્યું. મંડપ ધ્રૂજવા લાગ્યો. આંગણાની બોરસલી ધ્રૂજવા લાગી... શરણાઈના સૂર ઝૂરવા પાવામાં પલટાઈ રહ્યા, ઢોલનો ઢમકારો ધ્રાસકામાં પલટાઈ રહ્યો... માબાપની માયા, સહિયરોનો સાથ... પિયરનાં ઝાડવાનું પાનેપાન પોકારી રહ્યું : ‘મત જા... મત જા...’

પણ કોઈ કન્યા રોકી રોકાઈ છે ? ઝાલી ઝલાઈ છે ? અને આ કન્યા પણ વિદાય થઈ !

દીકરીને લઈને જતી મોટર ઉપરી ત્યાં સુધી હાંફળીફાંફળી સાથે ડગ ભરતી, સાસરિયાંને દીકરીની સોંપણી કરતી, દીકરીને માથે-મોઢે ફેરવી રહેતી ડૂમાભરી માતા માટે ‘આવજે બેટા !’ એટલા શબ્દો બોલતાં બોલતાં તો બ્રહ્માંડ તો બ્રહ્માંડ ડોલી જાય છે. કેમ કરી દીકરી છાતીએથી છૂટતી નથી. ‘મારી પંખણી...’, ‘મારું ફુલ...’ એ શબ્દો ‘આવજો આવજો’ ના શોરબકોરમાં ડૂબી ગયા. મોટરે વેગ પકડ્યો, માના હૈયાના રતનને લઈને મોટર ઓ દૂર ને દૂર... ચાલી જાય... માને આશ્વાસન આપવા સગાંસ્નેહીઓ વીંટળાઈ વળ્યાં. કોઈએ પાણી લાવીને આપ્યું. માને જરા શાતા વળી.

પણ દીકરીના બાપ ? અત્યાર સુધી કઠણ છાતી કરીને લગ્નનો અવસર જે ઉકેલી રહ્યા હતા - તે કયા ગયા ? ઓશરીમાં જોયું. ઘરમાં જોયું. કયાંક નથી ! તો પછી ગયા ગયાં ? દેવપૂજાની ઓરડીમાંથી એક ડૂસકું સંભળાયું. જઈને જોયું તો તેઓ ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યા હતા. દીવામાં હવે ઘી ખૂટવા આવ્યું હતું તેથી શગ ધ્રૂજી રહી હતી. એ ધ્રૂજતી શગના અજવાળામાં રુદન કરતા બાપના ચહેરાની એકેએક રેખા પણ ધ્રૂજી રહી હતી. પાસે મોટો દીકરો પાણીનો પ્યાલો લઈને ઊભો હતો, પણ આંસુ આડે એને કોણ જુએ ? દેવની મૂર્તિ સાથે વાતો કરતા હોય એવો બાપનો કરુણ સ્વર સંભળાયો : ‘ભગવાન ! અલ્લડ વાછરડી જેવી મારી દીકરી.... કોઈ દહાડો બાપડીએ કશી લીલીસૂકી જોઈ નથી... પારકા ઘરમાં શી રીતે સમાશે ?’ અને અત્યાર સુધી બાપે જાળવી રાખેલી ધીરજના આચ્છાદાનના સૌ સો લીરા વાતાવરણમાં ઊડી રહ્યા. ઉપરથી સ્વસ્થ દેખાતા બાપનાં હીબકાં કેમેય શમતાં નહોતાં : ‘મારી લાડકડી...’

દીવાનું ઘી ખૂટ્યું અને શગ એક છેલ્લી ધ્રુજારી સાથે હોલવાઈ ગઈ.

- બાલમુકુન્દ દવે

nehalgadhavi101@gmail.com

# ચૂંટણીનો મોલ લણવા કાજે ઓબીસી અનામતની મોસમ છલકે

કોઈપણ ભોગે ચૂંટણી જીતીને સત્તા હસ્તગત કરવાના એકમાત્ર હેતુને બર લાવવા મેદાને પડેલા રાજકીય નેતાઓએ હવે અદાલતો ભણી આદર કે રાજકીય ગરિમાને કોરાણે મૂકીને આગળ વધવાનું જ નક્કી કરી લીધું છે.લોકપ્રિય પગલાં લેવા માટે વચનોની લહાણી કરીને એકવાર જીતી ગયા એટલે સત્તા તંત્ર પર કબજો મેળવીને ધાર્યું કરવાના મદ અને મસ્તીમાં જ વર્તમાન રાજકીય માહોલ મદમસ્ત છે.મહારાષ્ટ્રમાં છેલ્લાં બે વર્ષમાં ૫૮ મોરચા,જેલ ભરો આંદોલન અને ૪૨ મરાઠા બંધુઓના જાન ગયા પછી મહારાષ્ટ્રની ભારતીય જનતા પક્ષ અને શિવસેનાની સંયુક્ત સરકારે માથે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી ઝળુંબતી હોય એવા વખતે “મેચ ફિકિંસગ” જેવું કર્યું. રાજ્યમાં નિવૃત્ત મરાઠા ન્યાયમૂર્તિ ગાયકવાડની અધ્યક્ષતામાં દસ સભ્યોના માગાસવર્ગીય આયોગની રચના કરી.. એની મારફત સંઘ પરિવારની રામભાઉ મ્હાલગી પ્રબોધિની જેવી સંસ્થાઓની મારફત ઉતાવળે મરાઠાઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણાવતો સર્વેક્ષણ કરાવ્યો. એના અહેવાલોને આધારે એની ભલામણોને સ્વીકારીને પ્રવર્તમાન ૫૨ (બાવન) ટકા અનામતને કોઈપણ રીતે છંછેડ્યા વિના વિધાનસભા અને વિધાનપરિષદ બંને ગૃહોમાં, અહેવાલ રજૂ કર્યા વિના માત્ર અહેવાલ પર પગલાં લેવાનો અહેવાલ રજૂ કરી, મરાઠા અનામત વિધેયક ગુરુવાર, ૨૯ નવેમ્બરે સર્વાનુમતે મંજૂર કરાવી લીધું. ૩૦ નવેમ્બરે તો રાજ્યપાલે એને મંજૂરીની મહોર પણ મારી દીધી. હવે રાજ્યમાં સરકારી નોકરીઓ અને શિક્ષણમાં આ અનામત લાગુ પડતાં અનામતની કુલ ટકાવારી ૬૮ % થવા પામી છે. સુપ્રીમ કોર્ટના નવ ન્યાયાધીશોના ઈન્દ્રા સાહની ચુકાદાએ નિર્ધારિત કર્યા મુજબ, અનામતની કુલ ટકાવારી ૫૦ % થી વધારી શકાય નહીં. મહારાષ્ટ્રે તમિળનાડુની અનામતની ટકાવારી ૬૯ % હોવાનું ઉદાહરણ આદર્શ લેખીને અનામત ટકાવારી ૫૨ (બાવન) % થી વધારીને ૬૮ % કરવાનું પસંદ કર્યું છે. હકીકતમાં તમિળનાડુ સહિતનાં કેટલાંક રાજ્યોમાં અનામતની ટકાવારી ૫૦ % ને ટપી જાય છે અને એ સઘળાં પ્રકરણ સર્વોચ્ચ અદાલતમાં લંબિત પડ્યાં છે.કેન્દ્ર સરકાર બંધારણીય સુધારો કર્યા વિના ૫૦%થી વધુ અનામત અદાલતી સમીક્ષામાં ટકી શકે એ રીતે આપી શકે નહીં,એવું બંધારણ નિષ્ણાતોનું માનવું છે.સત્તાધીશોને આ વાતની સુપેરે જાણ હોવા છતાં ચૂંટણીલક્ષી ગાજર લટકાવવાનું એ ટાળી શકે એમ નથી.

કુણબી પછી મરાઠાઓને અનામત

ગુજરાતમાં જેમ પટેલો રાજકીય સત્તાકારણમાં પ્રભાવી રહ્યા છે એવું જ મહારાષ્ટ્રમાં મરાઠાઓ પ્રભાવી રહ્યા છે. મોટાભાગના મુખ્યમંત્રી

- બંધારણવિદો કહે છે કે મહારાષ્ટ્રમાં મરાઠાઓને આપેલી ૧૬ % અનામત અદાલતી સમીક્ષામાં ટકવાની નથી
- ગુજરાતમાં હરખપદૂડા પાટીદારો, ક્ષત્રિયો અને બ્રાહ્મણોના નેતાઓનાં અનામત માટે ઓબીસી પંચનાં ચક્કર
- લોકસભાની ચૂંટણી લગી પ્રજા માંગે તે મંજૂર કરવાનાં ગાજર લટકાવીને દોષનો ટોપલો તો અદાલતોને શિરે
- તમિળનાડુની ૬૯ % અનામતની ટકાવારી જોઈ રાજકીય લાભ ખાટવા બંધારણ કે અદાલતોની ઐસી કી તૈસી

મરાઠા રહ્યા હોવા છતાં વર્તમાન નાગપુરી બ્રાહ્મણ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મરાઠાઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત લેખાવીને અનામત આપવી પડે છે.રાજ્યની ૧૨ કરોડની વસ્તીમાં ૪ કરોડ કરતાં પણ વધુ વસ્તી મરાઠાઓની હોવાને કારણે ચૂંટણીનાં પરિણામોને તેઓ પ્રભાવિત કરવા સક્ષમ છે.વર્ષ ૨૦૦૧માં કોંકણ અને વિદર્ભના કુણબીને અન્ય પછાત વર્ગ (ઓબીસી)માં સમાવાયા ત્યારે મરાઠાઓને આ અનામતનો લાભ મળે એ સામે કુણબીનો વિરોધ હતો.મરાઠાઓ પોતાને કુણબી મરાઠાઓ કરતાં ઊંચા ગણતા હોવાને કારણે દીકરિયું દેવામાં પણ નાનમ અનુભવતા રહ્યા છે. કુણબી સમ,અજ તરફથી આ વખતે પણ વિરોધ તો થયો,પણ એને ભાજપની નેતાગીરીએ ખાળ્યો હતો.વર્ષ ૨૦૧૪માં કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસની સરકારે ચૂંટણી પહેલાં મરાઠાઓને ૧૬ % અને મુસ્લિમોને ૫ (પાંચ) % અનામત આપી હતી. ચૂંટણી પછી કેન્દ્ર અને રાજ્યમાં ભાજપના વડપણવાળી સરકારો રચાઈ હતી. અદાલતી સમીક્ષામાં એ મરાઠી અનામત ગેરબંધારણીય ઠરી હતી. એ વખતે આયોગ રચીને સર્વે કરાવ્યા વિના જ નારાયલ રાણેના વડપણવાળી કેબિનેટ સબ-કમિટીની ભલામણને આધારે તે અપાઈ હતી.એ પછી અદાલતે સૂચવ્યા મુજબ,માગાસવર્ગીય આયોગની રચના કરાઈ પણ એના અહેવાલ મરાઠાઓને અનામત આપવાની બાબતમાં પ્રતિકૂળ હતા. જોકે ભાજપની નેતાગીરીએ મરાઠાઓને ૧૬ % અનામત આપવાનું વચન આપ્યું હતું,પણ મુસ્લિમોને ધાર્મિક આધારે અનામત આપવાની બંધારણમાં જોગવાઈ નહીં હોવાનું કહ્યે રાખ્યું હતું. હકીકતમાં અનુકૂળતાએ બંધારણની દુહાઈ દેવી અને અનુકૂળતાએ એની ઐસી કી તૈસી કરવાનું શાસકોને કોઠે પડી ગયું છે. આ વખતે અપાયેલી અનામત અદાલતો રદ કરે તો દોષનો ટોપલો અદાલતોને શિરે સેરવવાના ઈરાદે અત્યારે અનામત આપવાનો તખતો ગોઠવાયો છે.



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

ધનગર, લિંગાયત,મુસ્લિમને ટાળ્યા

ભાજપ થકી ૧ ડિસેમ્બરે ભવ્ય ઉજવણી કરવાના કરાયેલા એલાન પૂર્વે સરકારે તો અનામત આપવાની વ્યવસ્થા તો કરી,પણ એટલા માત્રથી મામલો શાંત થયો નથી. ૧૩ % અનુસૂચિત જાતિ (એસસી) અને ૭ % અનુસૂચિત જનજાતિ (એસટી) ઉપરાંત ઓબીસીના ૩૨ % ઉપરાંત મરાઠાઓના ખાસ પ્રવર્ગમાં ૧૬ % અનામત જોડવામાં આવે તો અનામતની કુલ ટકાવારી ૬૮ % થવા જાય છે.અદાલત નવી મરાઠા અનામતને રદ કરે એ તલવાર તો લટકે જ છે,પણ એ ઉપરાંત રાજ્યની એક કરોડ જેટલી ધનગર (ભરવાડ) વસ્તી પોતાને ઓબીસીમાં અલગ પ્રવર્ગ કરીને મળેલી ૩.૫ % અનામતને બદલે એ સમાજને એસટીમાં સમાવાય અને એની ટકાવારી અલગ પ્રવર્ગ કરીને વધારવામાં આવે એ મામલો ઉકળતા ચરુ જેવો છે. મુખ્યમંત્રીએ ધારાસભાના આવતા સત્રમાં ધનગર સમાજની માંગણી અંગે સાનુકૂળ વ્યવસ્થાની ખાતરી પણ ૨૯ નવેમ્બરે વિધાનપરિષદમાં આપવી પડી છે.રાજ્યમાં લિંગાયત સમાજની, કર્ણાટકની જેમ જ, ધાર્મિક લઘુમતી અને અનામતની માંગણી હજુ ઊભી છે.મુસ્લિમોનો આક્રોશ પણ ઓછો નથી.અન્ય પછાત વર્ગોમાં મુસ્લિમોમાંના પછાતોને સમાવાયાનું ગાણું ગવાયા કરે છે.જોકે આ સમાજ પણ પોતાની માંગણી બાબત ખાસ્સો બોલકો છે. ચૂંટણી ટાણે સત્તારૂઢ મોરચાનો વારો કાઢી લેવાની વેતરણમાં અનામત માંગી રહેલા સમાજો છે જ.

ગુજરાતમાં આશાનો નવસંચાર

મહારાષ્ટ્રમાં અનામતનો આ સળવળાટ ગુજરાતમાં પણ અજંપો સર્જે એ સ્વાભાવિક છે. છેલ્લાં ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી અનામત મેળવવા માટે આંદોલન કરી રહેલા પાટીદાર સમાજના નેતાઓ

અનુસંધાન પાના નં ૭ પર